**બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના કર્મચારીઓનો હડતાળનો સમય નિયમિત કરવા અંગેનો ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીનો તાઃ ૩૦-૦૭-૧૯૯૮નો પરિપત્ર.**

ઉચ્ચ શિક્ષણ વિભાગ કમિશ્નરની કચેરી,
**નં.: ૧-૩-૫-હડતાળ-૯૮-૯૯/૭૩૭૩-૯૭,**
બ્લોક-૧૨, ડો.જીવરાજ મહેતા ભવન
જુના સચિવાલય, ગાંધીનગર
તા: ૩૦/૦૭/૧૯૯૮.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)

**વિષયઃ** **બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના કર્મચારીઓનો હડતાળનો સમય નિયમિત કરવા બાબત..**

**સંદર્ભ:-** **શિક્ષણ વિભાગનો પત્ર નંબરઃ બમશ-૧૩૯૮-ઈએમ-૫૦-ગ, તાઃ ૨૬-૦૭-૧૯૯૮.**

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સંદર્ભમાં દર્શાવેલ શિક્ષણ વિભાગના પત્ર તાઃ ૨૬-૦૭-૧૯૯૮ મુજબ ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ દ્વારા તેમની કેટલીક માંગણીઓના નિરાકરણ માટે બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના કર્મચારીઓ તાઃ ૧૮-૦૬-૧૯૯૮ થી હડતાળ ઉપર ગયા હતા અને આ હડતાળ તાઃ ૨૯-૦૬-૧૯૯૮ સુધી (૧૨ દિવસ) ચાલેલ હતી. આ હડતાળ સમય દરમિયાનનો પગાર ચૂકવવા સરકારશ્રીમાં રજૂઆત કરવામાં આવેલ હતી. આ રજૂઆત બાબત **"No work No pay"** ના સિદ્ધાંતને ધ્યાનમાં લઈને જરૂરી વિચારણા કર્યા બાદ તાઃ ૧૮મી જૂન થી ૨૯મી જૂન, ૧૯૯૮ સુધી હડતાળ ચાલી છે તે કામના દિવસો માટે ગેરહાજર આચાર્ય, શિક્ષકો, કર્મચારીહોની રજા માંગણી મળે મંજૂર કરવી. આ રજા હક્ક રજા, અર્ધપગારી રજા, કોમ્યુટેડ રજા, કેજયુઅલ રજા - જે માંગે તે મળવાપાત્ર હોય તો અરજી આવ્યેથી મંજુર કરવી.

ઉપરોક્ત પેરા-૧ માં દર્શાવ્યા મુજબની કાર્યવાહી કરવા તમામ સંબંધિત સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને જાણ કરવી.

**સત્તાધિકારી,**
**ઉચ્ચ શિક્ષણ કમિશ્નર,**
**ગાંધીનગર**

Scanned with CamScanner

**બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓની હડતાળ સમયના પગાર અંગે શિક્ષણ વિભાગનો તાઃ ૦૩-૦૮-૨૦૦૨નો ઠરાવ.**

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ,

**ઠરાવ ક્રમાંકઃ** ........................................

સચિવાલય, ગાંધીનગર

તાઃ ૦૩/૦૮/૨૦૦૨.

**વંચાણમાં લીધાઃ**

(૧) ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિનો તાઃ ૦૯-૦૧-૦૧ નો પત્ર.

(૨) આ વિભાગનો પત્ર ક્રમાંકઃ બમશન-૧૩૨૦૦-૨૩૨૦-ગ, તાઃ ૦૪-૧૦-૨૦૦૧.

**ઠરાવ:-**

ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ દ્વારા બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક
શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક સ્ટાફ બે તબક્કે હડતાળ પર ગયા હતા તે બાબતમાં ઉપર આમુખ ક્રમાંકઃ (૧) મ
જણાવેલા તેમના ખાતે લેણી કોઈપણ પ્રકારની રજા, પરચૂરણ રજા કાપી લઈને હડતાળનો પગાર ચૂકવી આપવ
સરકારશ્રીમાં રજૂઆત કરેલ હતી. આ બાબત કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને
અંતે બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓનં
તાઃ૨૧,૨૨,૨૩-૧૨-૨૦૦૦ સુધી (ત્રણ દિવસ) અને તાઃ ૨૮-૦૮-૨૦૦૧ થી તાઃ ૧૨-૦૯-૨૦૦૧ સુધી (૧૬ દિવસ
દરમિયાનના પ્રસ્તુત બંને હડતાળના સમયના જેટલા દિવસો હતા તેટલા દિવસોની તેમને મળવાપાત્ર કોઈ પ
પ્રકારની રજાઓ કાપી લઈ, હડતાળના સમયની રજાનો પગાર ચુકવી આપવાનું આથી સરકાર ઠરાવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તારીખઃ ૦૨-૦૮-૨૦૦૨ ની નોંધથ
મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**સહિ/- અવાચ્ય**
**(બી.એ.પટેલ)**
**સેક્શન અધિકારી,**
**શિક્ષણ વિભાગ,ગુજરાત સરકાર**

Scanned with CamScanner

**બિન સરકારી માધ્યમિક શાળાના શિક્ષકોની હડતાળ દરમિયાનની ગેરહાજરીને ખાસ રજાઓ તરીકે મંજુર કરવા અંગેનો શિક્ષણ વિભાગનો તાઃ ૧૦-૦૭-૧૯૯૭નો ઠરાવ.**

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ
**ઠરાવ ક્રમાંકઃ બમશ-૧૯૩૭-સીએમ-૬૩૦-ગ,**
સચિવાલય, ગાંધીનગર તા: ૧૦/૦૭/૧૯૯૭.

**વંચાણે લીધાઃ**

(૧) શિક્ષણ વિભાગનો પત્ર ક્રમાંક: બમશ-૧૩૯૬-૩૬૩૮-ગ, તા: ૩૦-૦૭-૧૯૯૬ (નં.૬૬)
(૨) ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળનો તા: ૧૫-૦૫-૯૭ નો પત્ર.

**ઠરાવ:-**

આમુખ ક્રમાંક: (૧) આગળ દર્શાવેલ શિક્ષણ વિભાગના તા: ૩૦-૦૭-૯૬ના પત્રથી રાજ્યના બિન સરકારી માધ્યમિક શાળાના શિક્ષકોની તા: ૨૦-૧૧-૧૯૯૫ થી તા: ૦૪-૧૨-૧૯૯૫ સુધીના ૧૫ દિવસની હડતાળના સમયની ગેરહાજરીને તેમના ખાતે જમા રજાઓના સામે નિયમિત કરી આપવાના હુકમો કરવામાં આવેલ હતા. પરંતુ આ બાબતમાં ગુજરાત રાજ્ય શિક્ષક સંઘ મહામંડળ તરફથી હડતાળના સમયગાળાને ખાસ રજાઓ તરીકે મંજૂર કરવા સરકારશ્રીમાં પુનઃ રજૂઆત કરવામાં આવેલ હતી. પ્રસ્તુત બાબત કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણ હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે સરકારે બિન સરકારી માધ્યમિક શાળાઓના શિક્ષકોની તા: ૨૦-૧૧-૧૯૯૫ થી તા: ૦૪-૧૨-૧૯૯૫ દરમિયાનની કુલ ૧૫ દિવસો સુધી ચાલેલી હડતાળના સમયગાળાની ગેરહાજરીને ખાસ કિસ્સા તરીકે રજાઓ (**Special Leave**) તરીકે મંજુર કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તારીખ: ૦૭-૦૭-૧૯૯૭ ની નોંધ મળેલ મંજૂરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(બી.ડી.નાયક)**
**નાયબ સચિવ**
**શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર**

Scanned with CamScanner